# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૬/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦' માટે ચેમ્બરમાં પ્રમોશનલ પ્રોગ્રામ યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને અમદાવાદ સરદારધામના સંયુકત ઉપક્રમે મંગળવારે, તા. ૧૫ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ' ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦' માટે પ્રમોશનલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સરદારધામ અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી ગગજીભાઇ સુતરીયા અને શ્રીરામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.ના ફાઉન્ડર ચેરમેન શ્રી ગોવિંદભાઇ ધોળકીયાએ ગાંધીનગર ખાતે જાન્યુઆરી ૨૦૨૦માં યોજાનારી ' ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦' વિશે વિસ્તૃત માહિતી આપી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૮માં પ્રથમ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન થયુ હતુ. જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને અગ્રિમતા આપવામાં આવી હતી. સરદાર ધામ યુપીએસસી/જીપીએસસીની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ સપોર્ટ કરે છે. બે વર્ષ બાદ ફરીથી ખૂબ જ મોટાપાયે યોજાનાર આ સમિટમાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને ભાગ લેવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં જુદા–જુદા પ્રકારના ઉદ્યોગ સાહસિકો ડેવલપ થઇ રહયાં છે ત્યારે સરદારધામ દ્વારા જે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે તેમાં આપણે સર્વે સામેલ થઇશુ તો ઉદ્યોગ અને વેપારને એક નવી દિશા તરફ લઇ જઇ શકાશે.

સરદારધામ અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી ગગજીભાઇ સુતરીયાએ જણાવ્યુ હતુ કે, સર્વ સમાજને સાથે લઇને સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનું સ્લોગન આપીને વર્ષ ૨૦૧૨માં સરદારધામની સ્થાપના થઇ હતી. સરદારધામ દ્વારા આગામી તા. ૩ થી ૫ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન ગાંધીનગર ખાતે 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યુ છે. જેનું ઉદ્દઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ઈંગ્લેન્ડના માનનીય ગૃહમંત્રી શ્રીમતી પ્રિતીબેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ સમિટમાં ઉદ્યોગ સાહસિકો માટે બિઝનેસ ટુ બિઝનેસ મિટીગ, યુપીએસસી/જીપીએસસી ટ્રેનીગ પ્રોગ્રામ, મિડિયા ટ્રેનિંગ સેન્ટર અને નિ:શુલ્ક કાનૂની માર્ગદર્શન કેન્દ્ર યોજાશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે વેપાર, ઉદ્યોગ અને રોજગારથી જ ઉદ્ધાર થશે. આથી ઔદ્યોગિક વેપાર વચ્ચે સંકલન સાધીને ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવા છે તેમજ શિક્ષિત, દિક્ષીત યુવાઓને વિકસિત કરવા માટે તેઓને તાલીમ આપવાની છે. સરદારધામને ત્રણ 'જી' ઉપર કામ કરવાનુ છે. પ્રથમ સર્વ સમાજના વિદ્યાર્થીઓને યુપીએસસી/જીપીએસસીની તૈયારી કરાવી તેઓને પગભર કરવાના છે. બીજુ એ કે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ યોજીને દેશના જ નહી પણ વિશ્વભરના ઉદ્યોગ સાહસિકોને એક પ્લેટફોર્મ પર લાવવાના છે. ત્રીજુ એ કે દસ હજાર બિઝનેસમેનોનુ સંગઠન બનાવવાનુ છે.

શ્રી ગગજીભાઇ સુતરીયાએ વધુમાં કહયુ કે, માતૃશકિતના સશકિતકરણના ભાગરૂપે મહિલા ઉદ્યોગ સાહસિકોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપર આ સમિટમાં પુરતી વ્યવસ્થા કરવામાં આવશે. કોઇપણ સમાજના ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કર્યા બાદ યુપીએસસી/જીપીએસસી પરીક્ષાની તાલીમ આપવામાં આવશે. ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને એક રૂપિયા ટોકન ઉપર રહેવા તેમજ જમવાની વ્યવસ્થા પણ સરદારધામ દ્વારા કરવામાં આવશે.

શ્રીરામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સ પ્રા.લિ.ના ફાઉન્ડર ચેરમેન શ્રી ગોવિંદભાઇ ધોળકીયાએ જણાવ્યુ હતુ કે, આજના યુવાઓને સાચી દિશા મળે તે ખૂબ જ મહત્વનુ છે. વિશ્વની ભાવનાથી આગળ વધવાનું છે. ઉદ્યોગ સાહસિકો અને યુવાઓને જીવનમાં યોગ્ય દિશામાં આગળ વધવાની જે તક મળી છે તેને ઝડપી લેવાની છે.

ચેમ્બરની બેન્કીગ એન્ડ કો–ઓપરેટીવ બેન્કીગ કમિટીના ચેરમેન તેમજ વરાછા કો–ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી કાનજીભાઇ ભાલાળાએ જણાવ્યુ હતુ કે, સરદારધામ માત્ર વિકાસનું જ નહી પણ રાષ્ટ્ર નિર્માણનું સ્વપ્ન લઇને ચાલી રહયુ છે. વ્યકિત વિકાસ માટે યોગ્ય દિશામાં પ્રયાસ કરવામાં આવી રહયો છે. સરદારધામના આ ભગીરથ કામ થકી અન્ય સમાજ અને અન્ય રાજયો પણ પ્રેરાશે.

સમગ્ર કાર્યક્રમમાં ચેમ્બરની યુનિવર્સિટી લાયઝન કમિટીના ચેરમેન તેમજ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ – દક્ષિણ ગુજરાતના કન્વીનર શ્રી મનિષ કાપડીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંત વકતાઓએ યુવાઓના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયુ હતુ.